# ભાવનગર જિલ્લાની શ્રમ અદાલત નં. ૨ ના પ્રમુખ અધિકારી
# શ્રી બી.કે.રાવલ સાહેબ સમક્ષ

રેફરન્સ (એલ.સી.બી.) નં. ૩૫૧/૧૯૯૯
આંક :– ૩૧

**પ્રથમ પક્ષકાર** :– **મેનેજરશ્રી,**
નંદલાલ મુળજી ભૂતા મેડીકલ ફાઉન્ડેશન,
શિહોર,
જિ. ભાવનગર.

વિરૂધ્ધ

**બીજા પક્ષકાર** :– **ડો.જીતેન્દ્રભાઈ એમ. અધ્વર્યુ,**
c/o : મઝદુર કલ્યાણ સંઘ,
શેરડીપીઠનો ડેલો,
ભાવનગર.

**વિષય** :– આઈ.ડી.એકટની કલમ–૧૦ (૧) સી અન્વયે ન્યાય નિર્ણય કરવા અંગે

**પ્રતિનિધિત્વ :–**
પ્રથમ પક્ષકાર તરફે :– વિ. વકીલ શ્રી એ.પી.કામદાર
બીજા પક્ષકાર તરફે :– જાતે હાજર

**–: એવોર્ડ :–**

(૧) મદદનીશ મજુર કમિશ્નરશ્રીની કચેરી, ભાવનગરએ તેમના તા.૨૪/૦૯/૯૯ ના હુકમ નં. કે.એચ./ એસ.એચ.એમ.સી./ બી.એચ.એ./ એ.જે.બી./ આઈ.ડી.આર./૨૫૮/૯૯/૬૭૬૭ થી અત્રેની અદાલત ભાવનગરને ન્યાય નિર્ણય કરવા અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચિ નીચે મુજબ છે.

**–: અનુસુચિ :–**

'' શ્રી ડો.જીતેન્દ્રભાઈ એમ. અધ્વર્યુને તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

(૨) સદરહુ પક્ષકારોને આંક–૨ થી નોટીસ કરવામાં આવેલ છે જે નોટીસ પ્રથમ પક્ષકારને બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ આંક–૩ થી સામેલ છે. તેમજ બીજા પક્ષકારને ધોરણસર નોટીસ બજી ગયેલ છે. હાલના બીજા પક્ષકારે આંક–૫ થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે. બીજા પક્ષકારે તેમના માંગણીના નિવેદનમાં જણાવેલ છે કે, બીજા પક્ષકાર આ કામના પ્રથમ પક્ષકારને ત્યાં માસિક રૂા.૧૨૫૦/– માં પાર્ટ ટાઈમ ડોકટર તરીકે અઠવાડીયામાં બે કલાક માટે છેલ્લા આઠ વર્ષથી સળંગ ફરજ બજાવતા હતા. બીજા પક્ષકારે સમગ્ર નોકરી વફાદારીથી તથા નિષ્ઠાપૂર્વક બજાવેલ હોવા છતાં તેઓનો કોઈ વાંક ગુન્હો નહી હોવા છતાં કોઈ કાયદેસરના કારણ વગર તા.૩૧/૦૩/૯૯ ના રોજથી પ્રથમ પક્ષકારે નોકરીમાંથી છુટા કરી દીધેલ હોવાનું જણાવેલ છે. બીજા પક્ષકારને નોકરી દરમ્યાન કયારેય કોઈ નોટીસ, મેમો કે તાકીદ પણ આપવામાં આવેલ નથી. તેઓની લાંબા સમયની પાર્ટટાઈમ નોકરી હોવા છતાં ધારાસર મળવાપાત્ર નોટીસ, નોટીસ પગાર, રીટ્રેન્ચમેન્ટ કોમ્પેન્સેશન પણ આપવામાં આવેલ નથી. જેથી પ્રથમ પક્ષકારનું બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનું કૃત્યુ તદ્દન ગેરકાયદેસર અને રદ્દબાતલ હોવાનું જણાવેલ છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને આપેલ ડીમાન્ડ નોટીસ તા.૧૭/૦૫/૯૯ ના રોજ આપેલ છે. જેનો જવાબ તા.૨૫/૦૫/૯૯ ના રોજ આપેલ છે જેમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારની વર્તણુંક બાબતે આક્ષેપો અંગે નોકરીમાંથી બરતરફ કરેલ છે પરંતુ તેમ કરતા પહેલા તેઓની સામે કોઈ ઈન્કવાયરી કરવામાં આવેલ નથી. ખુલાસાની કોઈ તક આપવામાં આવેલ નથી. ખરી હકીકતે બીજા પક્ષકારે કોઈ ગેરશિસ્ત ગેરવર્તન કરેલ નહી હોવા છતાં પ્રથમ પક્ષકારની હોસ્પીટલમાં સીનીયર પોસ્ટ પાર્ટટાઈમ સ્પેશ્યાલીસ્ટ ડોકટર હોવા છતાં સામાવાળાના વહીવટકર્તા અંગત સ્વાર્થ ખાતર તેઓને નોકરીમાંથી ગેરકાયદેસર છુટા કરી તેઓની જગ્યાએ અન્ય ડોકટરોને કામે રાખી દીધેલ હોવાનું જણાવેલ છે.

બીજા પક્ષકારે દાદ માંગતા જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને તેઓની મુળ જગ્યા પર પડેલા તમામ પગાર તથા પારિમાણીક હકકો ચકુવી નોકરી સળંગ ગણી પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરી તે મતલબનો એવોર્ડ કરી આપવા તથા રેફરન્સનો ખર્ચ પ્રથમ પક્ષકાર પાસેથી અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) સદરહુ કામે પ્રથમ પક્ષકાર તરફે આંક–૬ થી લેખિત જવાબ છે. જે જવાબ વંચાણે લેતાં, બીજા પક્ષકાર કામદાર કે કર્મચારી નથી. બીજા પક્ષકાર વ્યવસાયી ડોકટર છે અને સ્વાભાવિક રીતે ડોકટર કોઈ જગ્યાએ નોકરી કે ધંધો કરી શકતા નથી. તેઓ માત્ર ડોકટરી વ્યવસાય મુજબ વિઝીંટીંગ ડોકટર હતા અને અઠવાડીયે એક વાર જો દર્દી હોય અને તેઓને બોલાવ્યા હોય અને તેમને અનુકુળ હોય અને આવે તે રીતે મહિનામાં વધુમાં વધુ ચારથી પાંચ વાર આવવાનું થાય. તે મુજબ તેમને વિઝીટ પ્રમાણે વિઝીટીંગ ચાર્જ લેતાં. આમ બીજા પક્ષકાર કામદાર ન હતા અને તેમને મળતો વિઝીટીંગ ચાર્જ વેતનની વ્યાખ્યામાં આવતા ન હોય, જેથી કામદાર ન હોય, સદર અરજી ચાલી શકે નહી. ખરી હકીકતે ભાવનગરમાં પોતાનો ડોકટરનો સ્વતંત્ર વ્યવસાય કરે છે. તેઓ કાન, નાક, ગળાના નિષ્ણાંત ડોકટર છે અને તે ડોકટરના વ્યવસાય મુજબ અનેક જગ્યાએ ડોકટર પોતાનું કાર્ય કરતા હોય છે તે મુજબ શિહોર ગામમાં ગરીબ લોકોને ભાવનગર જવું આવવું ન પડે તે માટે જો આવા દર્દીઓની થોડીક સંખ્યા થાય તો સંસ્થા દર્દીઓને ભાવનગર મોકલવાને બદલે ડોકટરને સંસ્થા વિઝીટે બોલાવતા અને તે રીતે તે સાંજના ૦૪:૩૦ થી ૬:૦૦ હોસ્પીટલની જગ્યામાં આવી દર્દીઓને તપાસતા અને વિઝીટ દીઠ ચાર્જ લેતાં હતા. બીજા પક્ષકારે માંગેલ દાદ રદૃ કરવા અને ખોટા ખર્ચમાં ઉતારેલ હોય અને સેવા કાર્યમાં અડચણ ઉભી કરેલ હોય અને અરજદાર સ્વતંત્ર પોતાનો વ્યવસાય કરતા હોય અને દાખલો બેસે તે માટે ટોકન રૂા.૨૫૧/– આપે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) સદરહુ કામે બીજા પક્ષકારે આંક–૭ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | અરજદારે સામાવાળાને આપેલ ડીમાન્ડ નોટીસની નકલ | તા.૧૭/૫/૯૯ |
| ૨ | સામાવાળાએ આપેલ નોટીસનો જવાબ | તા.૨૫/૫/૯૯ |

આ કામે બીજા પક્ષકાર તરફે પુરાવો રજુ ન થતાં, બીજા પક્ષકારને અનેક મુદ્દતો દરમ્યાન અવાર નવાર તકો આપવા છતાં પુરાવો રજુ કરેલ ન હોય, કેસ સને–૧૯૯૯ નો હોય, જેથી બીજા પક્ષકારનો પુરાવાનો હકક પ્રોસીડીંગ્ઝ અન્વયે બંધ કરવામાં આવેલો છે.

ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફે આંક–૧૨ થી પુરાવો રજુ કરવા માંગતા નથી તેવું જાહેર કરેલ છે.

(૫) ત્યારબાદ સદર કામે દલીલ પર રાખવામાં આવેલ. બીજા પક્ષકારના વિ. પ્રતિનિધિશ્રીની મૌખિક દલીલ સાંભળી. ત્યારબાદ પ્રથમ પક્ષકારની દલીલના સ્ટેજે હોય, ત્યારબાદ ન્યાયના હિતમાં અત્રેની કોર્ટ ધ્વારા આંક–૨૬ ની વિગતે નોટીસ કરવામાં આવેલ હોય, જે નોટીસ બજી ગયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ આંક–૨૭ થી રજુ છે. જે નોટીસ પ્રથમ પક્ષકારને બજી ગયેલ હોવા છતાં, સદરહુ કેસ સને–૧૯૯૯ નો હોય, તેમ છતાં અત્રે કેસમાં કોઈ દરકાર દાખવેલ ન હોય કે કોઈ દલીલ રજુ કરવામાં આવેલ ન હોય, જેથી પ્રથમ પક્ષકારની દલીલ રજુ કરવાનો હકક પ્રોસીડીંગ્ઝ અન્વયે બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે બીજા પક્ષકારને માંગણીના નિવેદનમાં જણાવેલી હકીકતો પુરવાર કરવા પુરતી તક આપેલી છે. તેમ છતાં બીજા પક્ષકારે કોઈ પુરાવો કે

કોઈ સોગંદનામું રજુ કરવા, દસ્તાવેજી પુરાવા રજુ કરવા દરકાર લીધેલ નથી. તેથી હાલના બીજા પક્ષકાર તેમની માંગણીના નિવેદનમાં જણાવેલી હકીકતો પુરવાર કરી શકેલા નથી. માંગણીનું નિવેદન તે માત્ર નિવેદન જ ગણાય અને તેને પુરાવા તરીકે ગ્રાહય રાખી શકાય નહી. આ કામે સદર રેફરન્સ કેસનું રેકર્ડ જોતાં બીજા પક્ષકારે મદદનીશ મજુર કમિશનરશ્રી સમક્ષ કરેલ તા.૨૨/૦૬/૧૯૯૯ ની ફરીયાદમાં તેઓએ પ્રથમ પક્ષકાર સંસ્થામાં પાર્ટટાઈમ ડોકટર તરીકે માસિક રૂા.૧૨૫૦/– થી ફરજ બજાવતા હોવાનું તેઓને તા.૩૧/૦૩/૯૯ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ તેઓ ફરીયાદપત્રમાં જણાવેલ વિગતો બીજા પક્ષકાર દસ્તાવેજી કે મૌખિક પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. આમ, બીજા પક્ષકાર ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે પ્રથમ પક્ષકારે છુટા કર્યા હોવાનું પ્રસ્થાપિત થતું નથી. આમ, હાલના બીજા પક્ષકાર રેફરન્સની અનુસુચિમાં જણાવ્યા મુજબની દાદ કે અન્ય કોઈ પણ દાદ મેળવવા હકકદાર હોવાનું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે.

આમ, ઉપરોકત ચર્ચાના આધારે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## // હુકમ //

(૧) હાલના બીજા પક્ષકારનો રેફરન્સ (એલ.સી.બી.) નં. ૩૫૧/૧૯૯૯ આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સ્થળ : ભાવનગર.
તા.૨૯/૦૧/૨૦૧૯

(ભાવેશ કિશોરકુમાર રાવલ)
કોડ નં. GJ01255
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત નં. ૨, ભાવનગર.

(એમ.વી.પોપટ)

REF. (L.C.B.) No. 351/1999